# વૈષ્ણવ જનતો

વૈષ્ણવ જનતો તેને કહિયે જે પીડ પરાચી જાણેરે
પરદુઃખે ઉપકાર કરે તોયે મન અભિમાન ન આણેરે

સકલ લોકમા સહુને વંદે નિંદા ન કરે કેનીરે
વાચા કાછ મન નિશ્ચલ રાખે ધનધન જનની તેનીરે

સમ દૃષ્ટીને તૃષ્ણા ત્યાગી પરસ્ત્રી જેને માતરે
જિહ્વા થકી અસત્ય ન બોલે પરધન નવઝાળે હાથરે

મોહ માચા વ્યાપે નહિ જેને દૃઢ વૈરાગ્ય જેના મન મારે
રામનામ સૂઁ તાલી લાગી સકલ તીરથ તેના તનમાઁરે

વણ લોભીને કપટરહિતછે કામ ક્રોધ ન વાચાિરે
ભણે નરસૈચો તેનું દર્શન કરતા કુલ એકોતેરતાચાિરે

**–નરસિંહ મહેત**